





બળતું, કૌભાંડના અગ્નિમાં, મકાન સંભાળ્યું!
મધદરિયે ભંવર વચ્ચે સૂકાન સંભાળ્યું!
સંભાળ્યું સંચાલન ખોટ ખાતી પેઢીનું રાહુલે -
ઝેરનો કટોરો પીવા એણે સૂકાન સંભાળ્યું!
(બલિદાન, માતૃભક્તનું)




વાસ્તવમાં તો -
દંભ-દેખાડો-દર્પ
એટલે 'થ્રી'ડી

બેવડી સદી,
ચેતેશ્વર પૂજારા -
ને 'પૂજા' ફળી..

## ચિંતન

**નલિની દલગત જલવત્તરલં કિં યૌવન ધનવાયુઃ ।**
**કઃ શશધરનિકરાનુકારાણિઃ સજ્જના એવ ॥**

'કમળની પાંખડી પર પડેલાં જલબિંદુ જેવું ચંચળ શું છે? (જવાબ છે કે -) 'યૌવન, ધન અને આયુષ્ય.' ચંદ્રના કિરણ જેવી ટાઢક-શીતળતા આપનાર કોણ છે? (જવાબ છે કે) સજ્જનો જ સંત-સજ્જન છે એ જનસમૂહ-સંસારી જનને ટાઢક-શાંતિ આપે છે.'

કમળની પાંખડી પર પડેલું પ્રભાતનું ઝાકળ બિંદુ-ત્યાં કેટલીવાર ટકી શકે છે. પાંદડાંની સ્નિગ્ધતા અને જલબિંદુ ખૂબ જ ક્ષણિક છે એ જલબિંદુ કંઇ બપોર સુધી ત્યાં રોકાવાનું નથી. પવનની એક નાની લ્હેરખી આવતાં તરત જ પાંદડાં પરનું એ બિંદુ જમીન પર સરી પડશે. એ જલબિંદુની શોભા અત્યંત હોય છે પણ 'ક્ષણિક' - ખર્યું નથી ને અને નષ્ટ થયું નથી..

આ સંસારમાં, યૌવન-ધન અને આયુષ્ય પણ ક્ષણિક જેવાં જ છે. આયુષ્યનાં આપણને મળેલાં વર્ષોમાં શ્વાસ લેતા કયારે પૂરાં થઇ જશે એ કોઇને ખબર નથી. વાત કરતાં કરતાં કે ઠેસ વાગતાં માણસનો જીવ નીકળી જાય છે, તો કુદરતી આફતમાં ધનવાનની તમામ સંપત્તિ કયારે નષ્ટ થઇ જાય, સટ્ટા કે ધંધામાં કયારે નિષ્ફળતા મળે એ નિશ્ચિત નથી.

આમ, ધન, આયુષ્ય, યૌવન ક્ષણિક છે સંતો ચંદ્રના જેવી શીતળતા આપે છે. સત્સંગ દ્વારા શાંતિ પ્રાપ્ત થાય છે.

## સુવિચાર

- લેખક જેટલું લખે છે તેનાથી અધિક વાંચે ને વિચારે છે - **અલ્બર્ટ હુબાર્ડ**
- જે વાત સારી રીતે સમજાય એ જ સારી રીતે અભિવ્યક્ત થઇ શકે છે - **બ્યાચલૂ**
- લેખકોની સ્યાહી શહીદોના રક્તકણથી પણ અધિક મૂલ્યવાન અને પવિત્ર છે - **હ. મુહમ્મદ સાહેબ**
- લેખક આત્માનો ઉદ્‌ગાર અને મગજની જીભ છે - **સર્વેન્ટિસ**
- જેટલું અધિક વિચારો, એનાથી અલ્પ બોલો અને એનાથી પણ ઓછું લખો- **ક્વાટ્રોચી**
- પોતાના પુસ્તકની પ્રશંસા કરનાર લેખક, પોતાનાં જ સંતાનોની પ્રશંસા કરનાર માતા સમાન છે - **ડિઝરાયલી**

## બોધ કથા

આજે તો મોટા અને સાચા રાષ્ટ્રીય ગુન્હેગારો, ગુંડાઓ-સોપારીબાજો અને નેતા-પ્રધાનો વતી ગુંડાગીરી કરનાર જેલમાં જાય પછી પણ એમને જાહોજલાલી મળે અથવા તો 'હોસ્પિટલ'માં સારી હોસ્પિટાલીટી સાથે સુવિધાઓ મળી રહે છે. જેલ-કાયદા એમને કંઇ જ લાગુ પડતાં નથી.

સ્વાતંત્ર્યની ચળવળ દરમિયાન ઘણા રાષ્ટ્રપ્રેમી નેતાઓ સત્યાગ્રહ અને અંગ્રેજ સરકારના નિયમોનો ભંગ કરી જેલમાં જતા હતા.

લાલબહાદુર શાસ્ત્રીજી પણ આવા જ કોઇ રાષ્ટ્રીય કારણ માટે જેલમાં હતા. અંગ્રેજ જેલરને પણ લાલબહાદુરની સત્ય-નિષ્ઠા અને કાયદાપાલન પર સંપૂર્ણ શ્રધ્ધા-વિશ્વાસ હતા. ત્યારે લાલ બહાદુરજીને સમાચાર મળ્યા કે તેમની નાની પુત્રી ઘણી બિમાર છે તેની સારસંભાળ - સારવાર માટે શાસ્ત્રીજીની ઘણી જરૂર હતી. શાસ્ત્રીજીએ જેલરને વિનંતી કરી.

જેલરે પંદર દિવસ માટે - પુત્રીની સારવાર માટે 'ખાસ-કિસ્સા'માં રજૂ કરી.

શાસ્ત્રીજી ઘેર ગયા ત્યારે જ પુત્રીના અવસાનના સમાચાર મળ્યા. અંત્યેષ્ટિ ક્રિયામાં હાજર રહ્યાં અને બીજે જ દિવસે જેલ જવા રવાના થયા. કુટુંબીજનોએ કહ્યું પણ તમને તો પંદર દિવસની રજા મળી છે ને?!

શાસ્ત્રીજી કહે રજા 'સારવાર' માટે મળી હતી. હવે દિકરી રહી નથી તો સારવાર કોની કરૂં? મારાથી નિયમ ભંગ થાય નહીં. અને શાસ્ત્રીજી જેલમાં હાજર થઇ ગયાં.

## આ કે તે વ્યક્તિને નહીં, મુદ્દાને મત આપવાનો તંદુરસ્ત અભિગમ અપનાવશે તો જ પ્રજાનું કલ્યાણ થશે, ઈશ્વર નવા વરસમાં ગુજરાતના દરેક મતદાતાને એવો સ્વવિવેક બક્ષે, એ જ અભ્યર્થના!

### રસ્તે રઝળતી વારતા
### નવું વરસ : પ્રજાસૂય પર્વ

- અચના - કમલેશ

વિક્રમ સંવત એ પરદુઃખભંજન રાજા વિક્રમાદિત્યની પવિત્ર સ્મૃતિમાં શરૂ કરાયેલી કાલગણના છે. આપણે ગુજરાતીઓ વિક્રમ સંવતના નવા વરસનો પ્રારંભ દીપોત્સવી પછીના સૂર્યોદયથી કરીએ છીએ. અન્યત્ર ચૈત્રી પંચાગ અનુસાર ચૈત્ર સુદ પ્રતિપદા (એકમ)થી વિક્રમ સંવતનું નવું વરસ ચાલુ થાય છે. આખી દુનિયા ખ્રિસ્તી કેલેન્ડરની આણ માનતી થઇ હોવા છતાં આપણી દિવાળી અણનમ રહી છે. ગુજરાતીઓ ગુજરાતમાં રહેતા હોય કે ગુજરાત બહાર એમને માટે દિવાળી એ વરસનું સૌથી મોટું પર્વ છે, અને નવું વરસ આખી દુનિયામાં ભલે ૩૧મી ડિસેમ્બરની મધરાતે શરૂ થતું હોય પણ ગુજરાતીઓનું નવું વરસ તો દીપોત્સવી પર્વના સમાપન સ્વરૂપે કારતક સુદ એકમની શુભ સવારે જ આરંભાય છે. નવા વરસના આગમનનો ઉત્સાહ પણ અનેરો હોય છે. જાણે જીવ માત્ર એનું જૂનું ખોળિયું બદલીને નવો અવતાર ધારણ કરી રહ્યો હોય એવો - સાર્વજનિક જન્મોત્સવનો તહેવાર બની રહે છે નૂતન વર્ષ! મુસલમાનો માટે ઇદ અને ખ્રિસ્તીઓ માટે નાતાલનો જે મહિમા હોય છે, એથી સવાયો આનંદ - ઓચ્છવ સમગ્ર હિંદુસ્તાનમાં દિવાળીનાં દિવસોમાં જોવા મળે છે. ખરૂં પૂછો તો દિવાળી એકલા હિંદુઓનો નહીં, બલ્કે તમામ હિંદુસ્તાનવાસીઓનો સાંસ્કૃતિક તહેવાર છે.

ગુજરાત માટે આ દિવાળી ખાસ નવી ભેટ લઇ આવી છે. એકાદ મહિના પછી આપણે લોકશાહીનું મહામૂલું ચૂંટણી પર્વ ઉજવીશું. એની પૂર્વ તૈયારીઓ તો ચૂંટણીની તારીખો જાહેર થઇ તે જ ક્ષણથી, બલકે એથીય વહેલી શરૂ થઇ ગઇ હતી, પરંતુ આ દિવાળીના દિવસો પૂરા થતાંની સાથે ચૂંટણી પ્રચારનો પ્રથમ તબક્કો પુરો કરી 'સાલ મુબારક'ના સૌજન્યમાં થોડી હળવાશ અનુભવી રહેલા નેતાઓ અને રાજકીય પક્ષો બમણા જોશથી એમનાં રણશિંગા ફૂંકવા લાગશે. અત્યાર સુધી દાબી રાખેલો ઉશ્કેરાટ કદાચ વિસ્ફોટક રૂપ ધારણ કરે તો પણ નવાઇ નહીં. આ 'રાજકારણી' એ બહુ ચાલાક પ્રાણી છે. એનો એક માત્ર ઉદ્દેશ બલકે એનું અંતિમ લક્ષ્ય ફક્ત અને ફક્ત ખુરશી હોય છે. પેલા પોતડીભેર રહેલા પોરબંદરવાસી ફકીરે અમસ્તું ન જ કહ્યું હોય કે ધારાસભા એ તો વેશ્યા જેવી છે... એ વખતે અંગ્રેજોના સકંજામાંથી માતૃભૂમિને આઝાદ કરવાની મુખ્ય જવાબદારી હજી એણે નહોતી સંભાળી. એ વખતે લંડનમાં બેસતી ધારાસભા કહેતાં પાર્લામેન્ટ હિંદીઓનું કેટલું હિત વિચારી શકે, એ મુદ્દે ચિંતન ચાલતું હતું. પરંતુ આઝાદી પછી ગાંધીજીની એ સરખામણી દેશની સંસદ અને રાજ્યોની ધારાસભાઓને કેવી સચોટ રીતે લાગુ પડી છે, એનો મને, તમને અને દેશ આખાને પૂરતો અનુભવ છે. ગાંધી આ મુદ્દે સાચા અર્થમાં 'આર્ષ દૃષ્ટા' સાબિત થયા છે.

આ વખતનું નવું વરસ એ ચીલાચાલું નવું વરસ નથી : એ પ્રજાસૂય યજ્ઞનું પર્વ છે. ગુજરાતને આગામી દિવસોમાં નવી ધારાસભા મળવાની છે. એને નવા નેતાઓ - પ્રતિનિધિઓ પણ મળવાના છે. સ્થાપિત સત્તાધીશોને સત્તા છોડવી ન જ ગમે, સ્વાભાકિ છે, પરંતુ આ ગુજરાત કોઇ એક-બે નેતાઓના ઘરે ગીરો મુકાઇ ગયેલી જણસ નથી. ગુજરાતનું ભવિષ્ય ફક્ત અને ફક્ત ગુજરાતની પ્રજા નક્કી કરવાની છે. પ્રજાને ભરમાવવાના અને ભડકાવવાનાં પ્રયત્નો પણ થતા રહ્યા છે અને આગામી દિવસોમાં વિશેષ પ્રમાણમાં થશે; પરંતુ ગુજરાતની પ્રજા કોઠાસૂઝ ધરાવતી પ્રજા છે. એને પોતાનો રાજા પસંદ કરતાં આવડે છે. ભૂતકાળમાં કદાચ આવેશ કે ઉશ્કેરાટમાં આવી જઇને ભૂલ કરી બેઠી હશે તો એ સુધારી લેવાની પણ એનામાં ત્રેવડ છે. એ જે કંઇ કરશે તે બરાબર ગણતરીપૂર્વક કરશે.

અત્યારે ગુજરાતી પ્રજા સામે ત્રણ વિકલ્પો છે. ચાલુ સત્તાપક્ષ ઉપર જ કળશ ઢોળી એને વધુ પાંચ વરસની મુદ્દત આપવાની ઉદારતા દાખવવી? સત્તાપક્ષ અને સત્તાધીશ સામની ઢગલાબંધ ફરિયાદોની ફળશ્રુતિ લેખે એને અંકુશમાં આણી પાંચ વરસ માટે વિપક્ષની જવાબદાર ભૂમિકા સોંપવી? વર્ષોથી સત્તા બહાર રહેલી અને પોતાની બેશુમાર ભૂલોને અહેસાસ થતાં પારાવાર પસ્તાઇ રહેલી કોંગ્રેસને દયા ખાઇને એક વાર સત્તાસ્થાને બેસાડવી? કે પછી ત્રીજા વિકલ્પની અહાલેક પોકારી જૈફ વયે પ્રજાની વહારે ધાવા રઝળપાટ કરી રહેલા સૌરાષ્ટ્રના સિંહનો રાજ્યાભિષેક કરવો? - નિર્ણય ઘણો અઘરો છે અને દરેક સવાલના એકથી વધુ જવાબ હોઇ શકે. એક વાત ન ભૂલીએ કે પ્રજા તરીકે આવો હુકમનો દાવ ખેલવાની તક હવે છે પાંચ વરસ સુધી પ્રાપ્ત થવાની નથી. એથી મતદાન કરવાનો આપણો હક્ક બરાબર સમજી-વિચારીને ભોગવીએ, તે ખૂબ જરૂરી છે. આપણે જ આપણા ભવિષ્યના ઘડવૈયા બનવાનું છે.

ચૂંટણી એ એક જાતનું યુધ્ધ પણ છે. અંગ્રેજી કહેવતમાં કહેવાયું છે એમ પ્રેમ અને યુધ્ધમાં બધું જ જાયજ - 'એવરી થિંગ ઇઝ ફેર' હોય તો પણ વિવેક અને સૌજન્યની હદ ઓળંગતા આક્ષેપો અને પ્રતિ આક્ષેપો ન થવા જોઇએ. ચૂંટણી પંચે આ માટે સ્પષ્ટ ધારાધોરણ નક્કી કર્યાં હોવા છતાં એનું પાલન કોણ કરે છે? તેઓ ટપોરીની ભાષા બોલે છે, તાળીઓ પડાવે છે. એથી એમને વખત પૂરતો આત્મસંતોષ પણ થતો હશે, પરંતુ એ બધી તાળીઓ મતપેટીમાંથી મત સ્વરૂપે પુરાઇ જશે, એવો ભ્રમ ખોટો છે. એવી ભ્રમણામાં રાચતા હોય તો નેતાઓ ભીંત ભૂલે છે. લોકોની ગરીબીનો ફાયદો ઉઠાવી ચૂંટણીના આગલા દિવસોમાં દારૂ અને નાણાંની રેલંછેલ થતી હોય છે. ચૂંટણીપંચ આવી 'આગુ સે ચલી આઇ' બદીને નાથવા માટે કેટલી તકેદારી રાખી શકશે, તે કહેવું અઘરૂં છે. ચૂંટણીમાં ઊભાં રહેલા અથવા પક્ષો દ્વારા પોતપોતાનાં પ્રતીકો ફાળવી ઊભા રાખવામાં આવેલા ઉમેદવારો માટે તો યેનકેન પ્રકારેણ જીતવું એ જ મહત્ત્વનો મુદ્દો હોય છે. તેથી ગુજરાત જેવા તથાકથિત 'પ્રગતિશીલ' રાજ્યમાં પણ સત્તાપક્ષ સહિત તમામ રાજકીય પક્ષો જ્ઞાતિ સમીકરણોને ધ્યાનમાં રાખી ઉમેદવારો નક્કી કરે છે. આવા ઉમેદવારો પાસે ઊંચા નૈતિક મૂલ્યો કે અંગત નિષ્ઠા - 'મેરીટ' ની અપેક્ષા રાખવાનો અર્થ નથી. ફક્ત 'ઓછા અનિષ્ટ'ની થિયરી લાગુ કરી ઉપલબ્ધ હરીફો પૈકી સૌથી સારો, પ્રમાણમાં નીતિવાન અને પ્રજાલક્ષી ઉમેદવાર ચૂંટવો જોઇએ. આપણી પક્ષ-આધારિત લોકતાંત્રિક વ્યવસ્થામાં સારા ઉમેદવારને કયારેક ખોટા પક્ષમાં બેસી જવું પડ્યું હોય એવું પણ બન્યું છે. (અટલ બિહારી વાજપેયી અવારનવાર મજાકમાં પોતાના વિશે આવું કહ્યા કરતા, તે યાદ હશે!) રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વરિષ્ઠ વિચારપુરૂષ એમ.જી. વૈદ્યને ગ્રહણ ટાણે સાપ કાઢવાનું સૂઝયું, તે એમની વ્યથિત મનોદશાનું પ્રમાણ છે; ભારતીય જનતા પક્ષ અને રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘમાં પડેલાં મતભેદ અને મનભેદની જ એ અભિવ્યક્તિ છે.

ગડકરી, અડવાણી અને મોદી વચ્ચેની સમજૂતી કે સ્પર્ધા સાથે ગુજરાતની પ્રજાને શાનાં સ્નાનસૂતક હોય? વળી, ગુજરાતની ચૂંટણી સાથે ૨૦૧૪ વાળી રાષ્ટ્રીય લોકસભાની ચૂંટણીને જોડવાનો શો અર્થ છે? પ્રજાએ તો તળ ધરતી સાથે જોડાયેલા મુદ્દાઓને જ લક્ષમાં લઇ એનાં આગામી પાંચ વરસનાં વિધિનાં લેખ લખવાની તૈયારી રાખવી જોઇએ. પ્રજા માટે પ્રજાહિત અને રાજ્યના સર્વાંગી સદ્‌ભાવપૂર્ણ વિકાસનો જ મુદ્દો અગ્રસ્થાને રહેવો ઘટે. આ કે તે વ્યક્તિને નહીં, મુદ્દાને મત આપવાનો તંદુરસ્ત અભિગમ અપનાવશે તો જ પ્રજાનું કલ્યાણ થશે. ઇશ્વર નવા વરસમાં ગુજરાતના દરેક મતદાતાને એવો સ્વવિવેક બક્ષે, એ જ અભ્યર્થના!

## ગહન ચિંતન અને પુરાકલ્પનના વિનિયોગથી ધારદાર કલમે દૃષ્ટિકોણથી રજૂ થયેલ અદ્‌ભૂત કવિતાઓ

### શબ્દ સમીપે

- નટવર હેડાઉ

આદિકાળથી કવિતાના બેપ્રવાહ વહેતા રહ્યા છે. સૌંદર્યરાગી અને પ્રતિબધ્ધ, એક વ્યક્તિ કેન્દ્રી બીજો સમાજ કેન્દ્રી, વાલ્મિકી, કાલિદાસ અને રવીન્દ્રનાથ, ચોસર અને શેક્યસિયર, ગાલિબ અને ઈકબાલ-ફૈઝ, બંને સમાનંતર અને સ્વીકાર્ય.

રઘુવીર ચૌધરીએ કહ્યું છે કે, 'જે કવિ મિત્રો ભાષા કર્મમાં રમમાણ રહી પ્રયોગશીલતાનો આદર્શ સેવી શાબ્દિક સૌંદર્યને ઉપલબ્ધિ માની થોડાક ભણેલા ભાવકોના સ્મરણમાં કે કવિતાના એક માર્ગી ઈતિહાસમાં જગા અંકે કરી ધન્યતા અનુભવે છે, એ એમની રીતે સફળ હોય તો ભલે આનંદમાં રહે, એમનામાંથી પણ કોઈકને કયારેક બાવન બહારની સૃષ્ટિ દેખાવાની, સ્વાનુભવને સર્વાનુભવમાં પરિણત કરવાનું કવિકર્મ તો વિરલાઓ થકી જ થાય.'

તાજેતરમાં પ્રગટ થયેલ કવિ પ્રવિણ ગઢવીના કાવ્યસંગ્રહ 'નિષાદ'માંથી પસાર થતાં એવું જ લાગે કે ખરા અર્થમાં એ બાવન બહારના માણસ છે. કારણ કે 'નિષાદ' દલિત કવિતાઓ અને પ્રતિબધ્ધ વિચાર કવિતાઓનો સંગ્રહ છે. સાંપ્રત સંકટો સામેના કવિના પ્રતિભાવો આપણને તેમાં પ્રાપ્ત થાય છે.

કવિએ સાંપ્રત સમસ્યાઓ પર ધ્યાન કેન્દ્રિત કરી, એવી સમસ્યાઓને પળમાં લઈ કાવ્યો લખ્યાં છે. રેશનકાર્ડ, બી.પી.એલ. કાર્ડ, ચૂંટણી કાર્ડ, સરહદનું કાર્ડ એમ વિવિધ પ્રકારના કાર્ડ્‌સ આપ્યા પછી હવે યુનિક આઈ.ડી. કાર્ડ આપવાનું તૂત આપણા દેશમાં ચાલી રહ્યું છે તે વાતે કવિ દૃષ્ટિ વેધક કટાક્ષ ફેંકે છે. હવે તો કાર્ડસ આપવાની હદ થઈ ગઈ. જે કાર્ડસ આપવાં હોય તે આપો, અમને કંઈ વાંધો નથી. પરંતુ ભૂખ્યાંજનોને જે આપવાનું છે. આઈ.ડી. કાર્ડની નિરર્થકતા અસરકારક રીતે વ્યક્ત કરતા કવિની આ પંક્તિઓ જૂઓ તે કહે છે કે -

''ચાર્લી ચેમ્પિનની જેમ,
હું આ બધા આઈ.ડી. કાર્ડનો
સૂપ બનાવી પીશ.
ભૂખે મરણ પામું જો,
આઈ.ડી. કાર્ય નંબર કલર પર
ચોડજો,
ગણિતમાં સંખ્યાની કમી નહિ,
કદી નહીં ખૂટે આઈ.ડી.કાર્ડ
નંબર
કદી નહિ ખૂટે ભૂખ્યાંની
વણઝાર...''

'નિષાદ' ના મોટા ભાગનાં કાવ્યોમાં અન્યાય, અત્યાચાર, વર્ણવ્યવસ્થા, ભેદભાવ, ભૂખ અસ્પૃસ્યતા જેવાં દૂષણો સામે કવિનો આક્રોશ વ્યક્ત થયો છે.

ગ્લોબલ વિલેજની સોહામણી સ્વપ્ન સૃષ્ટિમાં ભલે માનવ નીત રાચતી હોય પરંતુ માત્ર એ દિવાસ્વપ્ન છે. જયાં સુધી માનવતાની મહેંક સર્વત્ર પ્રસરે નહીં ત્યાં સુધી માણસ પોતાના હાથે અડિખમ અને વિચિત્ર પ્રકારની દિવાલો ખડી કરતો જાય છે. 'ચણો ચણો ગગનચુંબી દિવાલો' રચના દ્વારા કવિ માણસ જાતને ખૂબ જ અગત્યનો સંદેશો આપે છે. એ જ રીતે 'અમને થયું હાશ' રચનામાં પણ દુનિયાને યુધ્ધગ્રસ્ત દર્શાવી છે. તો વળી 'બેઉ કહેવત સાચી પડી' કાવ્યમાં રાજકારણીઓ અને ધર્મના પાખંડીઓ પર કવિએ તીવ્ર કટાક્ષ-પ્રહાર કર્યા છે. 'રામ' અને 'ગાંધી'ના નામનું રટણ કરીને ઘણાં રાજકારણીઓ એ પ્રજાની આંખોમાં ધૂળ નાખી સત્તા હાંસલ કરી. ગીતાનો સહારો લઈ બાવા ફાટ્યા તો અબ્બાનું નામ લઈ મુલ્લાઓ વકર્યા, શિવાજીનું નામ લઈ શિવસેના તરી ગઈ તો બજરંગના નામે લાંબો કૂદકો લગાવ્યો. યોગનું નામ લઈ ભોગી બન્યા અને ભભૂતિ લગવી વિભૂતિ બની ગયા. આમ, અંતિમવાદીઓએ આ બાજુ - પેલી બાજુનો ઉપયોગ કરી, સ્વાર્થ સાધવામાં પાછી પાની કરી નથી.

'વાહ રે માનવજાત' રચનામાં કવિએ ક્રાંતિકારી વિચારધારાને વરેલી મહાન વિભૂતિઓને કેવી યાતનાઓ ઝેલવી પડી હતી તે ઘટનાઓ નિરૂપી માનવજાતની ક્રૂરતાને ખુલ્લી પાડી છે. ચાર્વાકને જીવતા સળગાવ્યા હતા, સોક્રેટીસને ઝેર આપ્યું હતું. બુધ્ધ પર પથ્થર ગબડાવ્યા હતા, કબીરને બદનામ કર્યા હતા, ઈસુને ખીલે જડ્યા હતા અને ગાંધીને ગોળીએ માર્યા હતા. જેમણે સત્ય ઉચ્ચાર્યું તેમને સજા ફટકારી અને જુઠ્ઠા બોલાની વાહ-વાહ કરી. આ વાતના સમર્થનમાં હોય તેવી અખા ભગતની સુખ્યાત પંકિતઓ 'એક મૂરખને એવી ટેવ' નો આધાર લઈ કવિએ સામાજિક દૂષણો પર પણ ઘા કર્યા છે. એકવીસમી સદીમાં પણ પોતાના સ્વાર્થ ખાતર માણસે દુષ્કૃત્યોનો આશરો ત્યજ્યો નથી. કન્યાભ્રુણ હત્યા, વૃક્ષ છેદન, ફટાકડાં ફોડી પ્રદૂષણ ફેલાવવું, ઘોંઘાટ પેદા કરવો, મિટ્ટી તેલનો દુરપયોગ અને જ્ઞાતિવાડા રચવા વિગેરેનું આ અનુ-આધુનિક યુગમાં પણ આચરણ ચાલુ છે કુદરત વિરૂધ્ધનાં આવાં કૃત્યો માણસને 'મૂરખ' સાબિત કરવા માટે પુરતાં છે. પર્યાવરણની અસમતુલા પેદા થાય અને સૃષ્ટિ જીવ જોખમમાં મુકાય તેવું એક પણ કૃત્ય ચલાવી લેવાય નહિ. એ ભયંકર બાબત સામે કવિઓ લાલબત્તી સમાજ માટે સૂચક સંદેશ બની રહે છે.




'નિષાદ' ની આ તમામ રચનાઓમાં કવિએ ઈતિહાસની સાથે સાથે સમાજશાસ્ત્રના વિવિધ પાસાં વણી લીધાં છે. તેમાં ઐતિહાસિક પાત્રો અને ઘટનાઓ સાથે વ્યાપક સંદર્ભો સમાયેલા છે. આ કવિતાઓમાં આવતા સામાજિક, પૌરાણિક, ઐતિહાસિક કે સાંસ્કૃતિક સંદર્ભોનાં કલ્પન, પુરાકલ્પન પ્રવર્તમાન સંદર્ભે નવીન દૃષ્ટિથી મુલવાયાં છે. જે વાચક, ભાવક અને વિવેચકને ચિંતન કરવા પ્રેરે છે. કારણ કે કવિ કહે છે કે -

''તમને આનંદ આપવા નથી
ઉઠાવી કલમ અમે,
તમારી સામે લડવા ઉઠાવી છે
કલમ,
અમારી કલમ કેવળ કલમ
નહીં તલવાર છે.''

કવિની ધારદાર કલમે રચાયેલી 'નિષાદ'ની કવિતાઓને હૃદયના ઉમળકા સાથે આનંદપૂર્વક આવકારૂં છું.

**નિષાદ (કાવ્યસંગ્રહ)**
**કવિ - પ્રવિણ ગઢવી**
**પ્રકાશક - ગુજરાતી દલિત સાહિત્ય અકાદમી**
**'પ્રકંપ' ૭, દુર્ગાકૃપા સાસોયટી, ચાંદખેડા,**
**અમદાવાદ - ૩૮૨૪૨૪**
**પ્રથમ આવૃત્તિ - ૨૦૧૨,**
**મૂલ્ય - રૂા. ૧૨૦/-, પાનાં - ૧૨૨**

## આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

### ૧૯મી નવેમ્બર



- વિશ્વ વિખ્યાત વડાપ્રધાન ઇન્દિરા ગાંધીનો જન્મ - ૧૯-૧૧-૧૯૧૭.

૧૯૭૧માં ભારત-પાકિસ્તાન આંતરયુધ્ધમાં એમણે અખત્યાર કરેલી ભારતીય રાજનીતિએ તેમને પીઠ પ્રખર રાજનીતીજ્ઞની હરોળમાં મૂક્યા. ભારતની મહિલાઓ માટે પ્રેરણાદાયી નારીશક્તિ.

- ૧૯૯૪ - ઐશ્વર્યા રાયની 'મિસ વર્લ્ડ' તરીકે પસંદગી.



- ૧૮૦૫ - ફર્ડિનાન્ડ લેસેન્સ' સુએઝની નહેર બાંધનારનો જન્મદિન.
- ૧૯૬૨ - કાર, રેડિયો, ટ્રાન્ઝીસ્ટર રેડિયોના અબ્રાહ્મ હાસિમેનનું અવસાન.
- ૧૯૫૭ - મહારાણા પ્રતાપની પુણ્યતિથિ.
- ૧૯૬૮ - નારેશ્વરના સંત શ્રીરંગ અવધૂતનું અવસાન.

## અમે ઘરના ગોખમાં દીપ પ્રગટાવી ચુક્યા હવે તું અમારી અંતરમનના દીપ પ્રગટાવ... નૂતન વર્ષના પ્રારંભે બસ આટલી જ અપેક્ષા પુરતી છે...

### નૂતન વર્ષના પ્રારંભે પ્રભુ...! બસ, હવે સમૃદ્ધિ નહિ, સંસ્કાર આપ....

- પોપટલાલ પ્રજાપતિ

હઝારો વર્ષથી આપણે દિવાળી મનાવીએ છીએ, કોણ જાણે કેટલા વર્ષથી? વિક્રમ સંવતને શરૂ થયે પણ ૨૦૬૮ વર્ષ થયા. આટલા વર્ષોમાં કેટલું બધું પરિવર્તન? મનુષ્યના આચાર, વિચાર, વર્તન, વસ્ત્ર પરીધાન, રહેણીકરણીમાં સંપૂર્ણ પરીવર્તન. દિવાળીની જ્યોત અને આંગણાના સાથિયામાં પરીવર્તન, બાર સાખના તોરણ અને મંદિરના અન્નકુટમાં પરીવર્તન. આટલા પરીવર્તન બાદ પણ એકમેકને મળવાની અને એસએસએસ દ્વારા પણ નૂતન વર્ષાભિનંદન પાઠવવાની પરંપરા હજુ જળવાઈ રહી છે એટલો પ્રભુનો પાડ.

બેસતા વર્ષે મને-તમને પરમાત્માના ચરણોમાં શિશ ઝુકાવવાની પરંપરા જળવાઈ રહી છે તે એક ચમત્કાર જ કહી શકાય. મડીયા ટેટાને બદલે ૫૫૫ બોમ આવ્યા પણ ભડાકા કરવાની આપણી વૃત્તિ કાયમ રહી, કોડીયાનું સ્થાન રંગબેરંગી સીરીઝોએ લીધુ પણ અંધકારને ઉજાસમાં પલટાવાની વૃત્તિ હજુ ટકી રહી, ખાંડ અને સાકરને બદલે માવાની મીઠાઈઓ મુકવા માંડી પણ સૌના મોં ગળ્યા કરવાની ભાવના સલામત રહી. વર્ષ દરમ્યાનની વેદના અને વલોપાત ભુલીને દિવાળીના ચાર દિવસ પ્રસન્નચિત રહેવાની આપણી માનસિકતા દાદ માગી લે તેવી છે. આવી જ માનસિકતા અને પ્રસન્નતા બારે માસ જળવાઈ રહે તેવો કોઈ કિમીયો શોધાય તો જીવન કેવું નંદનવન જેવું બની જાય? પણ ના આપણે તો લાભ પાંચમથી જ કાવાદાવા અને પ્રપંચનું મુર્હુત કરી દઈએ છીએ અને આશા અપેક્ષાઓના વમળમાં આપણે અટવાયા જ કરીએ છીએ. વેરઝેર અને કટુતાનુ વાવેતર શરૂ કર દઈએ છીએ... જાણે કે દિપોત્સવના દીપમાં ધીરે ધીરે તેલ ખુટવા લાગે છે, વાટ સંકોરાતી જાય છે. નથી રહેતા કોડીયા કે નથી રહેતુ તેલ. ઘરમાં વધેલી મીઠાઈમાં પણ ખટાશ આવતી જાય છે. આસોપાલવના તોરણ સુકાવા લાગે છે. ચહેરાની ચમકમાં ઝાંખપ આવવા લાગે છે. ફીર વોહી રફતાર, ફરી દોડધામ અને ફરી હડીયાપાટ... ઘણાને તો સળગતા કોડીયા ઉંધા પાડવાની ટેવ હોય છે તો સળગતી મીણબત્તીઓ ફુંક મારીને બુઝાવાની આદત હોય છે. તો કોઈના આંગણામાં પુરાયેલી રંગોળીને ધમરોખી નાખવાના અભરખા હોય છે અને આમ કરવામાં પણ તેમને ગૌરવ થાય છે. તેમને પોતાના પ્રકાશ માટે નહિ અન્યના અંધકારમાં વિશેષ રૂચિ હોય છે. આવી વૃત્તિ ધરાવનારા દિવાળીની આતશબાજી જેવા હોય છે જે ક્ષણભર તેના પ્રકાશથી સૌને આંજી દે છે પણ પાછળ ધુમાડા છોડતા જાય છે. કેટલાકને શાંતિ મેળવવા માટે કાયમ અશાંતિ ઉભી કરવાની ટેવ પડી ગઈ છે. ચેન મેળવવા હંમેશા બેચેન રહ્યા કરવાની આદત પણ પુરાણી છે. માણસ જીવન નિર્વાહ માટે વલોપાત કરે તે ક્ષમ્ય છે. દુન્યવી વહેવાર ટકાવી રાખવા કરાતો ઉધમાત પણ વર્જ્ય છે પણ સૌથી વધુ સનેપાત સંપન્ન વર્ગને જ થાય છે જેમને લક્ષ્મીને સંતાડવાની તરકીબો શોધવી પડે છે તેજ લક્ષ્મી મેળવવા આંધળુકિયા કરે છે. નવા વર્ષનો સંદેશ એ છે કે અંધકાર અને ગંદકી દૂર કરવા હંમેશા જાગૃત રહો, અંધકાર અનેક પ્રકારના હોઈ શકે. સુરજ આથમે પછી થતો અંધકાર એ તો કુદરતનો ક્રમ છે, પણ સુરજના પ્રકાશમાંથી અન્યની જીંદગીને ડાઘ લગાડવાનું કામ કરનારા અને માનવતાને કલંકીત કરનારાઓને અંધકાર શું કે ઉજાશ શું ? ક્યાંક રાજકીય અંધકાર, ક્યાંક સામાજિક અંધકાર, ક્યાંક સાંસ્કૃતિક અંધકાર. કોણ જાણે જગતમાં નવચેતનાના દીપડા કયારે પ્રગટશે?! સામાજિક ચેતનાની જ્યોત હઝારો, લાખો વંચિતોના જીવનમાં પ્રકાશ રેલાવી શકે પણ આ જ્યોત પ્રગટાવે કોણ?

(અનુસંધાન પાના નં. ૭ પર)